# પી.આર.પી. સારવાર વિશે જાણો

પેઈન મેનેજમેન્ટ અત્યંત આધુનિક વૈજ્ઞાનિક સારવાર પદ્ધતિ છે. પેઈન ક્લિનીકમાં વિવિધ પ્રકારની પ્રોસીર્જસ દ્વારા લાંબા સમયનાં શારીરિક દુ:ખાવા નો ઈલાજ કરવામાં આવે છે. પી.આર.પી. (Platelet Rich Plasma) આપણા શરીરના લોહીમાંથી અલગ કરાતો એક ભાગ છે. જેમાં ગ્રોથ ફેક્ટર હોવાના કારણો તે શરીરના ઈજા પામેલા તેમજ ઘસાઈ ગયેલ અંગોને ફરીથી સાજા થવામાં મદદરૂપ થાય છે. (Tissue Regenerative Therapy) પી.આર.પી. થેરાપી સંપૂર્ણ સલામત તેમજ કોઈપણ આડઅસર વગરની સારવાર છે.

પી.આર.પી. થેરાપીમાં દર્દીના શરીરમાંથી માત્ર ૨૦ થી ૪૦ મિ.લિ. જેટલું લોહી લેવામાં આવે છે. તેને રેફ્રીજરેટેડ સેન્ટ્રીફ્યુજ મશીનમાં પ્રોસેસ કરીને પી.આર.પી. અલગ કરવામાં આવે છે. અંદાજીત ૪ થી ૫ મિ.લિ. જેટલા પી.આર.પી. ને તરત જ દર્દીના શરીરના જે ભાગમાં તકલીફ હોય તે જગ્યાએ સોનોગ્રાફી (U.S.G.) અથવા લાઈવ એક્સ–રે (I.I.I.V.) ની મદદથી ઈન્જેક્શન દ્વારા આપવામાં આવે છે.

પી.આર.પી. સારવારની અસરકારકતા શરૂઆત નાં સાંધાના ઘસારામાં વધારે અસરકારક છે. ખૂબજ ઘસાઈ ગયેલ સાંધામાં આપવાથી ફાયદો થવાની શક્યતા ઓછી રહેલ છે.

## પી.આર.પી. સારવાર શા માં ફાયદાકારક છે ?

- ઘુંટણના સાંધાનો ઘસારો (Arthritis Knee)
- પગની એડીનો દુ:ખાવો (Planter Fasciatis)
- કોણીનો દુ:ખાવો (Tennis Elbow, Golfer's elbow)
- રમત રમવાના કારણે થતી ઈજા (Sports Injury)
- ખભાના સ્નાયુ ની ઈજા (Ratator cuff tear shoulder)
- ઘુંટણના સાંધા વચ્ચેની ગાદીની ઈજા (Meniscus Injury)
- સ્નાયુ તેમજ લીગામેન્ટની ઈજા (Muscle & Ligament Injury)

## પ્લેટલેટની અંદર રહેલા ગ્રોથ ફેક્ટર

- પ્લેટલેટ ડીરાઈવડ ગ્રોથ ફેક્ટર
- ટ્રાન્સર્ફોમીંગ ગ્રોથ ફેક્ટર
- વાસ્ક્યુલર એન્ડોથીલીયલ ગ્રોથ ફેક્ટર
- એપીડરમલ ગ્રોથ ફેક્ટર
- ફાઈબ્રોબ્લાસ્ટ ગ્રોથ ફેક્ટર

## જેટલો ઓછો ઘસારો, તેટલો વધુ ફાયદો



## પી.આર.પી. સારવાર ના ફાયદા

- સંપૂર્ણ સલામત
- કોઈપણ પ્રકારની આડઅસર વગરની સારવાર
- દુ:ખાવો ઘટાડવામાં અસરકાર
- સાંધાના ઘસારાને ફરીથી સારા થવામાં મદદરૂપ

**પી.આર.પી. સારવારની અસરકારકતા સામાન્ય રીતે ૩ થી ૫ વખત, થોડા મહિનાના અંતરે આપવાથી વધારે પ્રમાણમાં ફાયદો થવાની શક્યતા રહેલ છે.**




## પી.આર.પી. સારવાર દરમ્યાન રાખવી પડતી કાળજી

- **આ સારવાર દરમ્યાન કોઈપણ જાતની દુ:ખાવાની ગોળી કે ઈન્જેક્શન લઈ શકાતું નથી. જેમકે,**
  - ડાઈક્લોફેનાક (વોવેરાન, ડેન–પી, ડાઈક્લોજેસીક)
  - બ્રુફેન, કોમ્બીફ્લામ
  - પેરાસીટામોલ (મેટાસીન, ક્રોસીન, ડોલો)
  - આ ઉપરાંત બીજી કોઈપણ દુ:ખાવાની દવા લઈ શકાતી નથી.
- **આપના ડૉક્ટરે આપેલ દુ:ખાવાની દવા ક્યારેક લઈ શકાય**
- **સારવાર પછી ૨ દિવસનો સંપૂર્ણ આરામ**
- **સારવાર પછી એક અઠવાડિયા સુધી માત્ર દૈનિક કામ કરી શકાય.**




ઇમ્પલ્સ પેઇન ક્લિનીક

વસ્ત્રાપુર : બ્રિન્દા હૉસ્પિટલ, સંજીવની હૉસ્પિટલ ની સામે, વસ્ત્રાપુર તળાવ, અમદાવાદ
વધુ જાણકારી માટે સંપર્ક કરો : ૦૯૫૭૪૦૦૫૨૧૪
Email : drpratikm@yahoo.com
**www.impulsepain.com**

**ડૉ. પ્રતિક એમ. શાહ**
M.D., F.I.P.M.
પેઇન સ્પેશ્યાલિસ્ટ
મો. :- ૦૯૮૭૯ ૦૬૧ ૬૧૭
એટેચમેન્ટ :
રાજસ્થાન હૉસ્પિટલ, અમદાવાદ


